# પાલનપુરમા તસ્કરોએ ચોરી કરવાના ઈરાદે બંધ મકાનમાં આગ ચાંપી

## અંબિકાનગરમા વહેલી પરોઢે બંધ મકાનનું તાળું તોડી આગ લગાવાતા ચકચાર મચી

પાલનપુર તા. ૩૧

પાલનપુર શહેરના અંબિકા નગર વિસ્તારમા વહેલી પરોઢે ત્રાટકેલા અજાણ્યા તસ્કરોએ એક બંધ મકાનમા ચોરી કરવાના ઈરાદે મકાનની ગ્રીલ અને તાળા તોડી મકાનની અંદર ઘુસી મકાન આગ ચાંપતા મકાનનાં માંથી ધુમાડાના ગોટે ગોટા નીકળવા લાગતા સ્થાનિકો દોડી આવ્યા હતા.

અને બનાવ અંગે ફાયર ફાઈટરને જાણ કરતા ફાયરની ટીમ દોડી આવી આગ પર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો જોકે આગ લાગવાનાં કારણે મકાનમાં ભારે નુકશાન થવા પામ્યું છે.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,

પાલનપુરના અંબિકાનગર વિસ્તારમા જૈન દેરાસરની સામેં ધંધાર્થે સુરત રહેતા શુરેશભાઈ બાબુલાલ શાહનું મકાન આવેલું છે. જોકે આ પરિવાર સુરત રહેતો હોય તેમની મકાન બંધ હાલતમા છે. ત્યારે અજાણ્યા ઈસમોએ શુક્રવારની વહેલી પરોઢે ચોરી કરવાના ઈરાદે આ બંધ મકાન ના તાળા,બારીમાં લગાવેલી લોખડની ગ્રીલ તોડી અંદર ઘૂસ્યા હતા. અને મકાનના એક રૂમમાં આગ લગાવગા અહી પડેલ માલ સામાન બળીને ખાખ થઈ ગયો હતો.જોકે વહેલી પરોઢે મકાનમાં આગના ગોટા જોવા મળતા સ્થાનિકો જાગી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગ બુજાવાનો પ્રયાસ કર્યો હતો. તેમજ બનાવ અંગે પાલિકાના ફાયર ફાઈટરને તેમજ પોલીસને જાણ કરાતા ફાયર ની ટીમ દોડી આવી આગ પર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો જોકે બનાવ અંગે મકાન માલિકને જાણ કરવાં આવી હતી જેને લઈ આગચાંપી માં કેટલું નુકશાન અને કેટલા મુદ્દામાલ ની ચોરી થઈ છે તે મકાન માલિક આવ્યા બાદ જાણી શકાશે.

### મકાનમાં આગના બનાવથી ત્રણ થી ચાર લાખ નું નુકશાનનો અંદાજ

અંબિકાનગર માં ચોરીના ઈરાદે અજાણ્યા ઈસમો એ મકાનમાં આગ લગાવી હતી જેમાં મકાનમાં રહેલ મુદ્દામાલ બળીને ખાખ થઈ ગયો હોય મકાન માલિકને અંદાજે ત્રણથી ચાર લાખ રૂપિયાનું નુકસાન થયું હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

# ગાંધીનગરમાં ધારાસભ્યોની મીટીંગમાં વડાપ્રધાનનું સન્માન કરતા ઈડરના ધારાસભ્ય રમણલાલ વોરા



બાયડ, તા.૩૧

તાજેતરમાં ગુજરાતની ૨ દિવસની મુલાકાતે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પધાર્યા હતા અને ગાંધીનગર ખાતેના તેમના રોકાણ દરમ્યાન ધારાસભ્યોની મીટીંગમાં ઈડરના ધારાસભ્ય, પૂર્વ કેબિનેટ મંત્રી, ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાએ વડાપ્રધાનનું પુષ્પગુચ્છ આપીને સન્માન કર્યું હતું. પ્રાપ્ત જાણકારી અનુસાર લોકસભા ચૂંટણી આવતા વર્ષે યોજાવવાની છે ત્યારે ગુજરાતમાં લોકસભાની તમામ ૨૬ બેઠકો જીતવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રાજ્યના ભાજપ સંગઠન તથા સરકારના મંત્રીઓ અને ધારાસભ્યોને મુલાકાત સમયે કોઈને કોઈ માર્ગદર્શન આપતા હોય છે. આ વર્ષે પ્રથમ વખત એવું બન્યું કે વડાપ્રધાને રાજયના મંત્રીઓને અલગ અલગથી બોલાવી ચર્ચા કરી હતી અને આવનારા દિવસોમાં વડાપ્રધાનના લેશનની શું અસર થશે..?? તેની રાજકીય વર્તુળોમાં ચર્ચા જામી છે ત્યારે ગુજરાત વિધાનસભાના ભાજપના ૧૫૬ ધારાસભ્યોની મીટીંગ યોજવામાં આવી હતી જેમાં સિનિયર ધારાસભ્ય, પૂર્વ સિનિયર મંત્રી રમણલાલ વોરાએ વડાપ્રધાનનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. જે સમગ્ર સાબરકાંઠા જિલ્લા અને ઈડર વિધાનસભા મતક્ષેત્રની પ્રજા માટે ગૌરવશાળી ક્ષણ બની હતી.

## પોલીસ વડા ભલે બદલાય બુટલેગરોને કોઈ ડર નથી

# વાંકાટીંબા પાસે પોલીસને જોઈ કારચાલક વિદેશી દારુ ભરેલી કાર મૂકી ફરાર

## વિદેશી દારુ સાથે રુ ૧.૭૫ લાખનો મુદ્દામાલ જપ્ત

બાયડ, તા.૩૧

અરવલ્લી પોલીસ વડાની બદલી થયા પછી બુટલેગરોને કોઈનોય ડર ન હોય તેમ વિદેશી દારુ ઘુસાડવાની પેરવી કરી રહ્યા છે. ગત સમી સાંજે શામળાજી પોલીસ સ્ટેશનની હદમાં વાંકાટીંબા પાસે પોલીસને જોઈ કારચાલક રુ ૭૫,૮૪૦ની કિંમતનો વિદેશી દારુ ભરેલી કાર મૂકી ફરાર થઈ ગયો હતો. પોલીસે વિદેશી દારુ તેમજ કાર મળી કુલ રુ ૧,૭૫,૮૪૦નો મુદ્દામાલ જપ્ત લીધો છે.

સરહદી રાજસ્થાનમાંથી વાહનોમાં વિદેશી દારુ બિન્દાસ્ત રીતે બુટલેગરો ઘુસાડી રહ્યા છે. પોલીસના નાકાબંધી અને પેટ્રોલીંગના દાવા છતાંય લાખો રુપિયાની કિંમતના વિદેશી દારુ સાથે વાહનો આસાનીથી સરહદમાં પ્રવેશી જતાં હોય છે. તા.૨ના રોજ સાંજના સમયે શામળાજી પોલીસની ટીમ વાંકાટીંબા ગામની સીમમાં પેટ્રોલીંગમાં નિકળી હતી તે સમયે રાજસ્થાનમાંથી દારુ ભરીને આવતી કાર (નં.જી.જે.૦૧-એચએ-૫૭૬૧)નો ચાલક પોલીસને જોઈ જતાં રસ્તા પાસે દારુ ભરેલી કાર મૂકી ભાગી છૂટ્યો હતો. પોલીસે કારની તલાશી લેતાં અંદરથી વિદેશી દારુના ક્વાટરીયાં ભરેલી એક પેટી મળી આવી હતી જેથી પોલીસ દ્વારા રુ ૭૫,૮૪૦ની કિંમતના વિદેશી દારુના ૪૮૦ ક્વાટર તેમજ કાર કબજે કરવામાં આવી હતી. બનાવ અંગે એ.એસ.આઈ. ગૌરવકુમારની ફરિયાદના આધારે શામળાજી પોલીસે ગુનો નોંધીફરાર કારચાલકની શોધખોળ શરુ કરી છે.

# બનાસકાંઠામાં અખિયાં મિલાકેના કેસ ચાર હજારનો આંક વટાવ્યો

પાલનપુર તા. ૩૧

બનાસકાંઠા જિલ્લામાં હાલના ચોમાસુ માહોલ વચ્ચે આંખ આવવાનો ચેપી રોગ વાયુ વેગે પ્રસરી રહ્યો છે જેને લઈને આંખ આવવાનાં કેસોએ ચાર હજાર નો આંક વટાવી દીધો છે. જેમાં પાલનપુર અને ડીસા માં રોજના ૨૫૦ થી ૩૦૦ નવા કેસો સામે આવી રહ્યા છે જોકે વાયરસ થી થતો આ રોગ ચેપી હોય ઝડપ થી ફેલાય રહ્યો હોય લોકોને આંખના રોગ થી બચવા સાવચેત રહેવું જરૂરી બન્યું છે. બનાસકાંઠામાઆંખ આવવાનો રોગ એટલે કે કંજકટીવાઈટીસ ચેપી રોગ ઝડપ થી પ્રસરી રહ્યો છે જેને લઈ જિલ્લામાં અત્યારસુધી માં આ રોગના ચાર હજાર જેટલા દર્દી નોંધાતા અને દિન પ્રતિદિન આ દર્દીઓમાં વધારો થઈ રહ્યો છે .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, આંખ આવવાના દર્દીઓને સારવાર માટે પૂરતા આઈડ્રોપ મળી રહે તેવી વ્યવસ્થા કરવામા આવી છે. જોકે હાલ પાલનપુર તેમજ ડીસામાં રોજના આંખ આવવાના નવા ૨૫૦ થી ૩૦૦ જેટલા દર્દી નોંધાય રહ્યા છે જેને લઈ લોકોમાં આ રોગને લઈ ફફડાટ ફેલાયો છે જોકે વાઈરસ થી થયો આ રોગ ચેપી હોય કંજકટીવાઈટીસ ના દર્દીઓમાં વધારો થઈ રહ્યો છે. આ રોગના આંખ લાલ થવી,આંખમાં ખંજવાળ આવવી, આંખમાં થી પાણી પડવું,આંખ લાલાસ થવી જેવા લક્ષણ જોવા મળે છે અને સાવચેતી રાખવા થી આરોગ એક અઠવાડિયા મટી જાય છે.

### સ્કુલોમા વિદ્યાર્થીને આંખનો રોગ જણાયતો તેને રજા આપવા સૂચના

આંખના સરકારી ડો.ગૌરવ મકવાણા એ જણાવ્યું હતું કે આંખ આવવાનો રોગ ચેપી હોય તે લોકોમાં ઝડપી થી ફેલાય રહ્યો છે ત્યારે શાળાઓમાં ભણતા બાળકોમાં આ રોગ ન ફેલાય તે માટે જોકે કોઈ વિધાર્થિને આ રોગના લક્ષણો જણાઈ આવે તો તેને સ્કૂલમાં થી રજા આપી દેવામાં દરેક સ્કૂલોમાં સૂચના આપી દેવામાં આવી છે.

# ધનસુરા ખાતે ગુજરાત ભાજપના યુવા મોરચાના પ્રમુખ પ્રશાંત કોરાટની ઉપસ્થિતીમાં મન કી બાત કાર્યક્રમ નિહાળ્યો

ધનસુરા, તા. ૩૧

દેશના વડાપ્રધાન ધ્વારા દરેક મહિનાના અંતિમ રવિવારે મન કી બાત કાર્યક્રમ નું આયોજન કરવામાં આવે છે ત્યારે અરવલ્લી જિલ્લામાં ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા ધ્વારા અને ધનસુરા તાલુકા યુવા મોરચા દ્વારા વડાપ્રધાન ના મન કી બાત કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગુજરાત ભાજપ ના યુવા મોરચા ના પ્રમુખ પ્રશાંત કોરાટ ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમ ધનસુરા ના આંજણા પાટીદાર હોલ ખાતે યોજાયો હતો જેમાં ગુજરાત ભાજપ ના યુવા મોરચા ના પ્રમુખ પ્રશાંત કોરાટ સહિત ધનસુરા અને અરવલ્લી જિલ્લાના યુવા મોરચા ના હોદ્દેદારો અને ભાજપ ના આગેવાનો અને ગામ લોકો ઉપસ્થિત રહ્યા હતા અને વડાપ્રધાન ના મન કી બાત કાર્યક્રમ નિહાળ્યો હતો. સાથે અરવલ્લી જિલ્લામાં વિવિધ જગ્યાએ પણ આ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન ધ્વારા દેશ માં થતી અલગ અલગ પ્રવૃત્તિઓ પ્રેરણા રૂપ કામગિરી તેમજ લોકોમાં જાગૃતતા આવે અને લોકો ને પ્રેરણા મળે જેવી બાબતો ને લઈ દર મહિને મન કી બાત કાર્યક્રમ કરવામાં આવે છે આ કાર્યક્રમ માં જિલ્લા યુવા મોરચા પ્રમુખ તાલુકા યુવા મોરચા પ્રમુખ ધનસુરા અને અરવલ્લી જિલ્લાના યુવા મોરચા ના હોદ્દેદારો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



# ભિલોડાના વણઝર ગામમાં દીપડો ત્રાટક્યો,ખેતરમાં પશુનું મારણ કરતા ખેડૂતો સહીત ગ્રામજનોમાં ફફડાટ

મોડાસા,તા. ૩૧

અરવલ્લીની ગીરીમાળાઓમાં અનેક વન્ય જીવો વસવાટ કરી રહ્યા છે ભિલોડા-શામળાજી પંથકમાં અવારનવાર દીપડાની પ્રજાતિ લટાર મારતી હોવાની અને ખેતરોના સીમાડા વટાવી ગ્રામ્ય વિસ્તારોમાં આંટા-ફેરા મારતા ખેડૂતો અને પ્રજાજનો દહેશત પેદા થઈ છે ચોમાસામાં ખેતીની સીઝન હોવાથી ખેતરો અને સીમાડાઓ ખેડૂતો અને શ્રમીકોથી ધમધમી રહ્યા છે ત્યારે ભિલોડાના વણઝર ગામ સહીત આજુબાજુના પંથકમાં દીપડાના આંટા-ફેરાથી લોકોના શ્વાસ અધ્ધર કર્યા છે વણઝર ગામના ખેતરમાં પશુનું મારણ કરતા પશુપાલકો અને ખેડૂતોમાં ફફડાટ ફેલાયો છે વનવિભાગ તંત્ર દ્વારા દીપડાને ઝડપથી પાંજરે પુરાવામાં આવેની માંગ પ્રબળ બની છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ભિલોડા પંથકના વણઝર,બેબાર, રામનગર, સુનોખ,વાંસેરા કંપા સહીતના ગ્રામ્ય વિસ્તારોમાં દીપડાનો વસવાટ જોવા મળી રહ્યો છે વણઝર ગામના ધર્મેન્દ્રભાઈ જીવાભાઈ વણકર નામના ખેડૂતના ખેતરમાં દીપડાએ ત્રાટકી પશુનું મારણ કરતા ખેડુત પરીવાર પર આભ તૂટી પડ્યું છે વનવિભાગ તંત્રને જાણ કરી હોવા છતાં વનવિભાગ તંત્રના અધિકારી કે કર્મચારીઓએ સ્થળ મુલાકાતની તસ્દી ન લીધી હોવાનો ખેડૂત પરિવારે આક્ષેપ કર્યો હતો વનવિભાગ તંત્ર પશુનું મારણ કરનાર દીપડો વધુ ખુંવારી કરે તે પહેલા પાંજરે પુરવામાં આવે અને ખેડૂતને પશુ મારણની સહાય ચુકવવામાં આવેની માંગ પ્રબળ બની છે



## નગરપાલિકાની બેદરકારી સામે આવી

# પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા અંધારપટ





પ્રાંતિજ તા.૩૧

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ નગરપાલિકાની બેદરકારી વારંવાર જોવા મળતી હોય છે રોડ પર ભરાતા વરસાદી પાણી નિકાલ કરવામાં નિષ્ફળ નીવડેલી નગરપાલિકાની ફરીવાર બેદરકારી સામે આવી છે પ્રાંતિજ એપ્રોચ રોડ પર છેલ્લા બે દિવસ થી સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા અંધારપટ. પ્રાંતિજ નગરપાલિકાની બેદરકારીને લઈને પ્રાંતિજ એપ્રોચરોડ રોડ ઉપર આવેલી સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા શનિવાર અને રવિવારે રાત્રિના અંધારપટ જોવા મળ્યો હતો વારંવાર આજ વિસ્તારમાં રાત્રિ દરમિયાન સ્ટ્રીટ લાઈટો બંધ થઈ જાય છે તો હાઈવેથી પ્રાંતિજમાં જવાનો મુખ્ય માર્ગ હોવાને લઈને રાત્રિના સમયે અવર જવર વધુ હોય છે અને વળી આ એપ્રોચ રોડ ઉપર હોસ્પિટલો, દુકાનો તથા સોસાયટીઓ આવેલી છે તો બીજીતરફ ચોમાસાની ઋતુ છે અને અંધારપટને લઈને એપ્રોચરોડ ઉપર અવરજવર કરતા લોકોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે રાત્રિ દરમ્યાન સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા દુકાન માલિકો તથા સોસાયટીઓના રહીશોને પણ ચોરીનો પણ ભય સતાવે છે તો બીજીતરફ રાત્રિ દરમિયાન સ્ટ્રીટ લાઈટો ચોમાસાની ઋતુ હોય રોડ ઉપર અંધારપટ ને લઈ ને એપ્રોચરોડ ઉપર રોજીદુ અવરજવર કરતા લોકોને ઝેરી જનાવર કરડવાનો ડર પણ સંતાવે છે પાલિકામાં નિયમિત વેરો ભરતા વિસ્તારમાં જ વારંવાર સ્ટ્રીટલાઈટો બંધ રહે છે જેને લઈને એપ્રોચ રોડ પર રહેતા સોસાયટીના રહીશો સહિત દુકાનદારોનો પણ પાલિકા સામે રોષજોવા મળી રહ્યો છે પ્રાંતિજ હાઈવેથી ર્ડા. રમણભાઈ ના દવાખાના સુધી ની સ્ટ્રીટ લાઈટો ચાલુ બંધ થતી સ્ટ્રીટ લાઈટો છેલ્લા બે દિવસથી બંધ રહેતા રોડ ઉપર અંધારપટ છવાયો છે.

# સાબરકાંઠા એસ.ઓ.જી.ની ટીમે વડાલી પોલીસની હદમાંથી ગાંજાનો જથ્થો ઝડપ્યો

બાયડ, તા.૩૧

સાબરકાંઠા એસ.ઓ.જી.ની ટીમે વડાલી પોલીસ સ્ટેશનની હદમાં ખેતરમાંથી ગાંજાનું વાવેતર તેમજ ઘરમાંથી પણ ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે. ટીમે છાપો માર્યો તે સમયે વણઝારા પરિવારના મકાનની પાછળના ભાગે ખેતરમાં ગાંજાના ૧૮ છોડ મળી

આવતાં ઘરમાં પણ તપાસ કરવામાં આવી હતી જેમાં વધુ એક કીલોગ્રામ માદક ગાંજો મળી આવતાં ટીમે રુ ૨,૮૪,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ગાંજાનું વાવેતર કરનારની અટકાયત કરી છે.

છેલ્લા કેટલાક સમયથી નશા માટે ગાંજાનો ઉપયોગ વધ્યો છે. કેટલાક વિસ્તારોમાં તો નસેડીઓ બિન્દાસ રીતે ગાંજો ફૂંકતા નજરે પડી રહ્યા છે. સાબરકાંઠા એસ.ઓ.જી.ની ટીમ પેટ્રોલીંગમાં હતી તે સમયે એસ.ઓ.જી. પી.આઈ., એન.એન.રબારીના માર્ગદર્શન હેઠળ સ્ટાફે બાતમીના આધારે વડાલી પોલીસ સ્ટેશનની હદમાં



માધાભાઈ હીરાભાઈ વણઝારા(રહે.અરસામડાછાવણી, નાયકવાડી, તા.વડાલી)ના કબજા ભોગવટાના મકાનની પાછળના ભાગે આવેલ ખેતરમાં તપાસ કરતાં માદક પદાર્થ ગાંજાના ૧૮ છોડ વાવેતર કરેલા મળી આવતાં એસ.ઓ.જી.ની ટીમ ચોંકી ઉઠી હતી. ગાંજાના વાવેતર સાથે સદર ઈસમ દ્વારા ગાંજાનું વેચાણ થઈ રહ્યાની આશંકા સાથે ઘરમાં તપાસ કરતાં વધુ એક કીલો સૂકો ગાંજો મળી આવ્યો હતો જેથી એસ.ઓ.જી.ની ટીમ દ્વારા માદક પદાર્થનો જથ્થો જપ્ત લઈ આરોપી માધાભાઈ વણઝારાની અટકાયત કરી લોકઅપમાં ધકેલ્યો છે. બનાવ અંગે વડાલી પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. સ્થાનિક પોલીસ ઉંઘતી રહી અને એસ.ઓ.જી.ની ટીમે હદમાંથી ગાંજાના વાવેતર સાથે રહેણાંક ઘરમાંથી પણ ગાંજાનો જથ્થો ઝડપી પાડતાં સ્થાનિક પોલીસની કામગીરી સામે અનેક સવાલ ઉભા થયા છે.

# તલોદ પાલિકા સંચાલિત મઢ બાલમંદિરમાં સંગિની ફોરમ દ્વારા બેટી બચાવો બેટી પઢાઓનો કાર્યક્રમ યોજાયો







તલોદ, તા. ૩૧

સંગિની ફોરમના પ્રમુખ દીપા બહેન કુહાડીયા અને બાળ વિકાસ યોજના ના ચેરમેન રેખા બા ઝાલા ના અધયક્ષ સ્થાને આ કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમ માં બેટી ના જન્મ પહેલાં થતો ગર્ભ પા ત , શિક્ષણ તેમજ માં સ્ત્રીઓ ને થતો અત્યાચાર અંગે ગંભીરતા દાખવી આજના યુગ માં ખભે ખભે મિલાવી પુરુષો સાથે ચાલ વા હાકલ કરી હતી અને ચેરમેન રેખા બા ઝાલા એ શિક્ષણ પર ભાર મૂકી ને સ્ત્રીઓ ને પુરુષ સમોવડી બની ને ડોક્ટર, વકીલ, રાજકીય નેતા બની શકે છે એવું માર્ગદર્શન આપ્યું હતું. કાઉન્સિલર કલ્પનાબેન શાહ, સંગિની ફોરમ ના સભ્યો, સંચાલિકા હિરલ શાહ, ઈન્દિરા બેન વણઝારા, ઉર્મિલાબેન શાહ, એ ભારે જહેમત ઉઠાવી પ્રસંગ ને સફળ બનાવ્યો હતો. પ્રમુખ દિપાબેન કુહાડિયાએ સૌનો આભાર માન્યો હતો